શીયા ઇમામી ઇસ્માઇલીની

ત્રણ વખતની બંદગી.

અસલ ધુઆ.

રચનાર,

સતગુરૂ પીર સદરદીન સાહેબ.

આવૃતી ૪ થી — પ્રત ૫૦૦૦

છાપનાર તથા પ્રગટ કરનાર.

ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટ-મેન્ટના ઓન૦ સેક્રેટરી રેમતુલ્લા વીરજીએ ધી ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧-૪ ડોંગરી સ્ટ્રીટ બીમપુરા મુંબઇ નાં. ૯ માંથી છાપી ત્યાંથીજ પ્રગટ કર્યું.

સંવત ૧૯૮૪] કિંમત ૦/- [સને ૧૯૨૮

અસલ દુઆ.

યા અલી મદદ.

(અલીની મદદ સાથે શરૂ કરૂં છું)

દુઆ પડો, દુઆ પડો, દુઆ પડો, અલ્લાહ મરેહુઆ હુક નામ ગીનો માલા અલી ઇમાન સાંજાએ દીન્યા, બરકત દુઆ "સાંજીઅજી' વેનતી ખીસે અમર પુઠીયા, શાહ તોજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલતાન મહુમદ શાહ દાતાર.

(સીજદો દેવો એટલે નમન કરવું.)

(જો સોમણી (સુવા) વખતની બંદગી હોય તો "સાંજી સોમણી જી વેનતી" કહેવી અને જો સવારની બંદગી હોય તો "સાંજી સોમણી સુબુહ જી વેનતી" કહેવી.)

તસ્બીહ કહો " પીરશાહ. "

તસ્બીહ કાઢીને સીજદો દેવો)

તોબો તોબો તકસીરદાર, બંદો સીર તા પા ગુનેહગાર, યા શાહ તું બક્ષીએ બક્ષણુહાર. ધુઆ તો પીર પડે, બંદો તો વેનતી કરે, સચ્ચો શાહ તો કબુલ કરે, ફુરમાન શાહ પીરજો વચન.

(એટલું કહીને તસ્બીહ જમીન પર રાખીને નીચે મુજબ બોલવું.)

સચ્ચો વચન સુબહાનઅલ્લાહ, શુકરનલિલ્લાહ, વલ હમ્દોલિલ્લાહ, વલા ઇલાહા ઈલલ્લાહ, અલ્લાહો અકબર, વ લા હોલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હીલ અલીયુલ અઝીમ, રહીમ, કરીમ, કસીમ, હઝરતે બુઝરગ, પાક પરવરદીગાર, દેલમ દેશ, માનબા વેશ, ખંડ એરાક સતોતેર પાત્ર, અડતાલીસમો ઇમામ, દશમો નકલંકી અવતાર મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

(સીજદો દેવો.)

(પછી) "હક યા શાહા" (કહીને વીશ્નાપુરી અને શાહની પુરીઉં બોલવી.)

(વીશ્નાપુરી.)

ત્રણ કરણુ મધ્યે સ્વામીજીના અવતાર પાત્ર પરવરતંતે.

શ્રી અહુણાદ (૧) અહુણાદથી અલખ (૨) અલખથી નામનીલ (૩) નામનીલથી અનીલ (૪) અનીલથી સુન (૫) સુનથી સાન (૬) સાનથી નાન (૭) નાનથી ગીનાન (૮) ગીનાનથી નુર (૯) નુરથી તેજ (૧૦) તેજથી જળ (૧૧) જળથી કમળ (૧૨) કમળથી અદબુધ (૧૩) અદબુધથી જાગ (૧૪) જાગથી તંતવ (૧૫) તંતવથી પ્રેમતંતવ (૧૬) પ્રેમતંતવથી આદ પુરૂષ (૧૭) આદપુરૂષ નાભ ચક્રથી ભયો બ્રહ્મા.

શ્રી અહુણાદ આદ અવિગત આદ.

શ્રી હુવ (૧) કવ (૨) ધરમ (૩) કેશવ (૪) તવણાદ (૫) ઉતરા (૬) હુરીતક (૭) પુરૂરવા (૮) અંત અતિત (૯) પ્રેમરૂખ (૧૦)

(દસ અવતાર પાત્રો સાથે.)

વંશ શ્રી મચ્છ [૧] (આઠ પાત્રો છે.)

શ્રી મચ્છના મનાયેક (૧) અજામીલ (૨) અગરસેન (૩) એછાઉત (૪) ભરેસ્પત (૫) અસુઅમીતર (૬) પોતર (૭) પડવીર (૮)

વંશ શ્રી કોરભ [૨] (૭ પાત્રો છે.)

શ્રી કોરભના ભીસરીયાત (૯) દીખીયાત (૧૦)

પ્રજાપત (૧૧) અગરસેન (૧૨) કદીમ (૧૩) દોએલ (૧૪)

વંશ શ્રી વારાહ [૩] (આઠ પાત્રો છે.)

શ્રી વારાહના કેશવ (૧૫) ખત્રીવંશ (૧૬) અસાવ (૧૭) ઉનસ (૧૮) ખલીફત (૧૯) ગોતમ (૨૦) અંત (૨૧) હરીતક (૨૨)

વંશ શ્રી નરસિંહ [૪] (પાંચ પાત્રો છે.)

શ્રી નરસિંહના મનાએક (૨૩) કઉચક (૨૪) રેપક (૨૫) કેશાવઢણુ (૨૬) કેશાવરૂખ (૨૭)

વંશ શ્રી વાએમન [૫] (ચાર પત્રો છે.)

શ્રી વાએમનના માનધાતા (૨૮) પ્રથમીજએ (૨૯) જએસરીન (૩૦) જવલગન (૩૧)

વંશ શ્રી ફરસીરામ [૬] (સાત પાત્રો છે)

શ્રી ફરસીરામના રૂગ (૩૨) નુગ (૩૩) જુજેઆત (૩૪) કુંભ (૩૫) અલીફ (૩૬) અજેપાલ (૩૭) દશરથ (૩૮)

વંશ શ્રી રામ [૭] (ચાર પાત્રો છે.)

શ્રી રામના પદમ (૩૯) જશાવઢણુ (૪૦) વીરપાર (૪૧) વાસુદેવ (૪૨)

વંશ શ્રી કૃષ્ણજી કાન [૮] (સાત પાત્રો છે.)

શ્રી કાનના પરિક્ષત (૪૩) જનમેજય (૪૪) સેસાનંદ (૪૫) સતાનંદ (૪૬) સ્વરથાન (૪૭) બુદ્ધસ્થાન (૪૮) વીણુ વછરાજ (૪૯)

વંશ શ્રી બુદ્ધ [૯] (અઠાવીશ પાત્રો છે.)

શ્રી બુદ્ધના શીશ (૫૦) સામ (૫૧) સલામ (૫૨) મલકાન (૫૩) એસલામ (૫૪) હારૂન (૫૫) સમઉનસફા (૫૬) અદનાન (૫૭) માઅદ (૫૮) નીઝાર (૫૯) મુદર (૬૦) એલ્લીઆસ (૬૧) મુધરકા (૬૨) ખુઝેમા (૬૩) કિનાના (૬૪) નઝર (૬૫) માલેક (૬૬) ફહુર (૬૭) ગાલેબ (૬૮) લુવે (૬૯) કઅબ (૭૦) મુરે (૭૧) કીલાબ (૭૨) કુસે (૭૩) અબ્દુલ મુનાફ (૭૪) અબુ હાશમ (૭૫) અબ્દુલ મુતલબ (૭૬) અબુ તાલબ વલી (૭૭)

વંશ શ્રી મૌલા મુરતઝાઅલી દશમો નકલંકી અવતાર.)

વચન અબુ તાલબ વલી.

૧ હક મૌલાના શાહ અલી.

૨ હક મૌ. શાહ હુસેન.

૩ હક મૌ. શાહ ઝએનુલ આબદીન.

૪ હક મૌ. શાહ મહમદ બાકર.

૫ હક મૌ. શાહ જાફર સાદક.

૬ હુક મૌ. શાહ ઈસ્માઈલ.
૭ હુક મૌ. શાહ મહુમદ બીન ઈસ્માઈલ.
૮ હુક મૌ. શાહ વફી અહુમદ.
૯ હુક મૌ. શાહ તકી મહુમદ.
૧૦ હુક મૌ. શાહ રઝી અબ્દલ્લાહ.
૧૧ હુક મૌ. શાહ મહેદી મહુમદ.
૧૨ હુક મૌ. શાહ કાયેમ.
૧૩ હુક મૌ. શાહ મનસુર.
૧૪ હુક મૌ. શાહ મોએઝ.
૧૫ હુક મૌ. શાહ અઝીઝ.
૧૬ હુક મૌ. શાહ હાકમ અબુ અલી.
૧૭ હુક મૌ. શાહ જાહેર અલી.
૧૮ હુક મૌ. શાહ મુસ્તનસીર બિલ્લાહ.
૧૯ હુક મૌ. શાહ નિઝાર.
૨૦ હુક મૌ. શાહ હાદી.
૨૧ હુક મૌ. શાહ મોહુતદ.
૨૨ હુક મૌ. શાહ કાહેર.
૨૩ હુક મૌ. શાહ અલા ઝીકરીયા સલામ.
૨૪ હુક મૌ. શાહ અલા મહુમદ.
૨૫ હુક મૌ. શાહ ખુદ જલાલુદીન હસન.

૨૬ હુક મૌ. શાહ અલાઉદ્દીન મહુમદ.
૨૭ હુક મૌ. શાહ રૂકનુદ્દીન ખુરશાહ.
૨૮ હુક મૌ. શાહ શમ્સદીન મહુમદ.
૨૯ હુક મૌ. શાહ કાસમ શાહ
૩૦ હુક મૌ. શાહ ઇસ્લામ શાહ.
૩૧ હુક મૌ. શાહ મહુમદ બીન ઇસ્લામશાહ.
૩૨ હુક મૌ. શાહ મુસ્તનસીર બિલ્લાહ. (બીજા)
૩૩ હુક મૌ. શાહ અબ્દસલામ.
૩૪ હુક મૌ. શાહ ગરીબ મિરઝાં.
૩૫ હુક મૌ. શાહ બુધર અલી.
૩૬ હુક મૌ. શાહ મુરાદ મિરઝાં.
૩૭ હુક મૌ. શાહ ઝુલફીકાર અલી.
૩૮ હુક મૌ. શાહ નુરૂદ્દીન અલી.
૩૯ હુક મૌ. શાહ સૈયદ ખલિલીલ્લાહ અલી.
૪૦ હુક મૌ. શાહ નીઝાર. (બીજા)
૪૧ હુક મૌ. શાહ સૈયદ અલી.
૪૨ હુક મૌ. શાહ હુસન અલી.
૪૩ હુક મૌ. શાહ કાસમ અલી.
૪૪ હુક મૌ. શાહ અબુલ હુસન અલી.
૪૫ હુક મૌ. શાહ ખલિલીલ્લાહ અલી.

૪૬ હક મૌ. શાહ હસન અલી (બીજા)

૪૭ હક મૌ. શાહ આગા અલીશાહ દાતાર.

૪૮ હક મૌ. શાહ આગા સુલતાન મહમદશાહ દાતાર. હાઝર જોમેજો ધણી, વારે ફેરો પુરખ સીરેવો, ઇમામ, હાદીયુલ મહેદી સાહેબુલ અમર, આગા સુલતાન મહમદશાહ દાતાર. અનંત કરોડીયું તારણહાર હાઝર જોમેજો ધણી, ખીસે અમર પુઠીયા શાહ તોજે દરગાહમે કબુલ કર મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

(સિજદો દેવો.)

(પંજપાટી.)

અલી અલ્લાહ.

અલ્લાહુમ્મા યા મૌલાના અંતઃસલામ, વ મિનક સલામ, વ ઇલૈકા યરજઉસ સલામ, વ અલૈકા અલ્ફ સલામ, વ હૈયેના રબ્બના બિસ સલામ, વ અદખલના દારૂસ સલામ, તબારકતા રબ્બના વ તાલૈતા યા ઝુલ જલાલ વલ ઇકરામ.

(નીચેના પાઠમાં જયાં મૌલાના—કરીને જગા રાખી છે ત્યાં દરેક વખતે ઉપલો પાઠ બોલવો.)

"બિ ફ્ઝલેક વ રહેમત બિકુન" યા મૌલાના—૧
"લુત્ફે વ કરમ કુન" યા મૌલાના—૨
"લા હૌલ વલા કુવ્વત ઇલ્લા બિકા" યા મૌલાના—૩
"ઝુદ ઝુદ બ ફરીયાદ બિરસ" યા મૌલાના—૪

(વેલ પંજ પાટીની)

અલ્લાહુમ્મા યા સૈયદી, મિન્નકા મદદી વ અલૈકા મોઅતમદી, ઇય્યાકા નઅબુદો વઇયાકા નસ્તઈન, યા અબલગૌસ અગિસની, યા અલી અદરિકની બે લુત્ફેકલ ખફી, સવાબી રહેમતી મ રહુમતી સચ્ચો મહુમદ અરબી, અલી મહુમદ યક ખુદા, હક શનાસ દર્ફે બલા લા ઇલાહા ઇલ-લ્લાહ, મહુમદ રસુલીલ્લાહ, અમીરલ મોઅમનીન અલી સફી અલ્લાહ. હસ્બોનલ્લાહ વ નેઅમલ વકીલ, વ નેઅમલ મૌલા, વ નેઅમલ નસીર. ગુફ્રાનકા રબ્બના વ ઇલૈકલ મસીર. ધુઆ પંજ પાટીજી વેનતી ખીસે અમર પુડીઆ શાહ તોજે દરગાહમે કબુલ કર મૌલાના આગા સુલતાન મહુમદ શાહ દાતાર.

(સીજદો દેવો)

(પછી) "શાહ દીદાર" (નો પંજે દસ્ત મેળાપ

દથ નમન કરવું. પછી) પીરશાહ (ના નામની તસ્બીહ પડી નીચે મુજબ બોલવું.)

અલી અલ્લાહ, યા શાહ, રાઇએ, દરગાહીએ, ઇશ્કદારીએ પંજેભાઇયેં કે તુસી તોહોજો દિદાર દીયેં, બીસે અમર પુઠીયા શાહ તોજે દરગાહમેં કબુલ કર મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

(સીજદો દેવો)

અલી અલ્લાહ, યા શાહ, ફજલ વ રહેમત કરીએં, કુલ બલાઉં દફે કરીએં, જીઅરેકે જોત દીએં. મુએકે મોક્ષ દીએં, જીનીજા પીંઢ ભગે તીનીજા જીવ સુથાએ કરીએં, બએર પએદા કરીએં, શિર દફે કરીએં, તોહોજો દિદાર નસીબ કરીએં, બરકત ધુઆ સાંજીઅજી * વેનતી બીસે અમર પુઠીયા શાહ તોજે દરગાહમેં કબુલ કર મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

(સીજદો દેવો.)

---

* જો સોમણીની ધુઆ હોય તો "સાંજી સોમણી જી વેનતી" કહેવી. ને જો સવારની ધુઆ હોય તો "સાંજી સોમણી સુબુહ જી વેનતી" કહેવી.

(સીજદામાં નીચે મુજબ બોલવું.)

યા શાહ, પીર વકીલ જુમલો જમાત, માદર પીદર, ખેશ ખીશાંધર, ઝીંદેહ મુરદેહ બંદો સીર તા પા ગુનેહગાર, યા શાહ તું બક્ષીએ બક્ષણહાર.

બિસ્મીલ્લાહ હિર રહમા નિર રહીમ.

લા ઈલાહા ઇલલ્લા, હુલ હંયુલ કૈયુમ.
લા ઇલાહા ઇલલ્લા, હુલ મલકુલ હકકુલ મુબીન.
લા ઈલાહા ઇલલ્લા, હુલ મલકુલ હકકુલ યકીન.
લા ઇલાહા ઇલલ્લાહ હુલ માલેક યૌમીદદીન.
લા ઈલાહા ઇલલ્લા, હુલ અલીયુલ અઝીમ.
લા ઇલાહા ઇલલ્લા. હુલ હલીમુલ કરીમ.

લા ઇલાહા ઇલલ્લાહો, રબ્બે સમાવાતે સબ્બા, વ રબ્બે અરઝીન સબ્બા, વમા ફી હીન્ના વમા બેન હુન્ના; વ રબ્બિલ અરશીલ અઝીમ. લા ઇલાહા ઇલલ્લાહ મહમદ રસુલીલ્લાહ, વ અમીરલ મોઅમનીન અલી સહી અલ્લાહ. હક્કન હક્કા અસ્તગફેરૂલ્લાહ હલ અઝીમ વબે હમદેહી. અસ્તગફેરૂલ્લાહ રબ્બી વ આઅતુબો ઇલૈહી, લા ઈલાહા ઈલ્લા અંતા સુબહાનકા ઇન્ની કુન્તો મીનઝ ઝાલેમીન, લા ફતા ઇલ્લા અલી લા સૈફ ઇલ્લા ઝુલફિકાર.

(નાઅદે અલી.)

નાઅદે અલીયન મઝહરિલ અજાયેબ તજિદહુ ઔનન લકા ફીન નવાએબ, કુલ્લો હમ્મીન વ ગમ્મીન, સયંજલી, બ વિલાયતેકા યા અલીયો, યા અલીયો, યા અલી.

(ધુકારો નાંખવો પછી પંજતન પાકની ધુઆ દેવી.)

(જો ધુઆ સવારની હોય તો પહેલી સુબુહ સાદકની તસ્બીહ "સુબ્હાનલ્લાહ" નામની કાઢીને નમન કરવું. તે પછી પંજતન પાકની ધુઆ આપવી)

ધુઆ દીયો પંજતન પાક સાહેબજી અલ્લાહ મરેહેઆ.

હઝરત નબી મહમદ મુસ્તફા રસુલ સલલ્લાહો અલેહી વસલ્લમ, હઝરત મૌલા મુરતઝા અલી, બીબી ફાતમત ઝેહરા જન્નતુલ ખાતુન, હઝરત ઇમામ હસન, હઝરત ઇમામ હુસેન, પંજતન પાકેંજી ધુઆજી વેનતી ખીસે અમર પુહોંચા શાહ તોજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

(સીજદો દેવો.)

(પછી ગતના પીરોની ધુઆ દેવી તેમાં પીરોનાં મુખ્ય નામો લેવા.)

૧ પીર અવ્વલ નબી મહુમદ મુસ્તફા રસુલ
સલલ્લાહો અલહી વસલ્લમ.

૨ પીર ઇમામ હુસન.

૩ પીર કાસમ શાહ.

૪ પીર જાફર શાહ.

૫ પીર ઝએનુલ આબદિન.

૬ પીર અમીર આહુમદ.

૭ પીર સતગુર નુર.

૮ પીર ઇંદ્ર ઇમામદીન.

૯ પીર મહુમદ મનસુર.

૧૦ પીર ગાલબદીન.

૧૧ પીર અબદલ મજીદ.

૧૨ પીર મુસ્તન સર બિલ્લાહ.

૧૩ પીર અહુમદ હાદી.

૧૪ પીર હાસમ શાહ.

૧૫ પીર મહુમદ શાહ.

૧૬ પીર માહુમુદ શાહ.

૧૭ પીર મોહોબદીન.

૧૮ પીર ખાલકદીન.

૧૯ પીર અબદલ મોમનીન.

૨૦ પીર ઇસ્લામદીન.
૨૧ પીર સોલેહુદીન.
૨૨ પીર સાલાહુદીન.
૨૩ પીર શમ્સદીન.
૨૪ પીર નસીરદીન.
૨૫ પીર શાહબુદીન.
૨૬ પીર સદરદીન.
૨૭ પીર હુસન કબીરદીન.
૨૮ પીર તાજદીન.
૨૯ પીર પંદીઆત જવાંમરદી.
૩૦ પીર હુએદરઅલી.
૩૧ પીર અલાઉદીન.
૩૨ પીર કાસમ શાહ.
૩૩ પીર નસીર મહુમદ.
૩૪ પીર બાબા આગા હાસમ શાહ.
૩૫ પીર મહુમદ ઝમાન.
૩૬ પીર આગા અઝીઝ.
૩૭ પીર મેહેરાબ બેગ.
૩૮ પીર અલી અકબર બેગ.
૩૯ પીર આગા અલી અસગર બેગ.

૪૦ પીર મીરઝા શાહ હુસનઅલી.
૪૧ પીર મીરઝા શાહ કાસમઅલી.
૪૨ પીર આગા: શાહ અબુલ હસનઅલી-
૪૩ પીર મીરઝા મહમદ બાકર.
૪૪ પીર સરકાર માતા સલામત.
૪૫ પીર આગાશાહ હસનઅલી.
૪૬ પીર આગા અલીશાહ.
૪૭ પીર આગા શાહ અલીહુલ્લાહ.
૪૮ પીર અબલ હસન શાહ.
૪૯ કુલ પીરેંજો પીર મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર, હાજર જોમેજો ધણી.

યા રબ્બ હકકે ઉનદો ગુલે ગુલશને બતુલ બકશીએ મારા, બ ફાતેમા, દુખતરે રસુલ.

ધુઆ ગત પીરેંકે રસાણુણુજી વેનતી ખીસે અમર પુઠીઆ શાહ તોજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

(સીજદો દેવો.)

ધુઆ દીયો ગત પીરેં, બાર ગુરે, ઔલીયા અંબીયા સીંતરે સોહસો હુસેની, એક લાખ ચો-વીસ હજાર પએગાંબર, ગત જુમલેજે રૂહેંકે

રસાણુણુજી વેનતી ખોસે અમર પુઠીયા શાહ તોજે દરગાહમે' કબુલ કર મોલાના આગા સુલ-તાન મહમદ શાહ દાતાર.

(સીજદો દેવો. પછી કહેવું)

તરબીહ કઢો "હઝરત પંજતન પાક સાહેબજી."

(તરબીહ કાઢીને સીજદો દેવો પછી ખેંર નીયતની ધુઆ દેવી.)

ધુઆ નીયત ખેંર.

આકબતજો 'ખએર' કરીયે', હિત માંધ 'ખએર' કરીયે', દીન દુનીયાજો 'ખએર' કરીએ. અઠ પહોર ચોસઠ ઘડીઉં 'ખએર' સલામતીસે ગુજારીયે'. વાટે, ઘાટે, રાહ મુસાફરે, રાહીયે', દરગાહીયે', પંજે-ભાઈએ, અમર દારીએ', ઇશ્ક દારીએ, જુમલે જમાતજો 'ખએર' કરીએ'. આલ નબી ઓલાદ અલીજો 'ખએર' કરીએ'. યા અલી, રખે જાલીમ કના, યા અલી, રખે સર સેતાન કના. યા અલી રખે તીની કના, જીનીકે તોજી સાંજાએ નઆહે. યા અલી તું ખેર કરીએ, ખરજી વેનતી ખીસે અમર પુઠીયા શાહ તોજે દરગાહમેકબુલ કર મોલાના આગા સુલતાન મહમદશાહ દતાર.

(સીજદો દેવો. સીજદામાં નીચે મુજબ બોલવું.)

(૧) દિયો સિજદો, અલ્લાહુ મરેહેઆ અલી મહુમદ ગત જુમલેજી મુશ્કીલ આશાન કરે.

(૨) દિયો સિજદો, અલ્લાહુ મરેહેઆ સાહેબ સતજો કાંગવો કબુલ કરે.

(૩) દિયો સિજદો, ત સાહેબ ગુર પીરજો બોલ મથે કરે.

(૪) દિયો સિજદો, ત સાહેબ રાહીયે દરગાહીયેં કે દર પહોંચાએ, દિદાર નસીબ કરે.

(૫) દિયો સિજદો, ત સાહેબ બાર ગુરજે ઔલાદજે કલામમે સગ વીજે.

(૬) દિયો સિજદો, ત સાહેબ અન્ન પાણીજે ભંડારમેં બરકત વિજે.

(૭) દિયો સિજદો, ત સાહેબ કરજીઅનતા કરજ લાએ, ફરજીઅનજો કારસાજ થીએ.

(૮) દિયો સિજદો, ત સાહેબ દીનજા દુશ્મન દફે કરે.

(૯) દિયો સિજદો, ત સાહેબ દરખાનેમેં સરાઇઉં ખુશહાલીઉં વાધાયું કરે.

(૧૦) દિયો સિજદો, ત સાહેબ રાજાકે રાજ દે, પ્રજાકે સુખ દે.

(૧૧) દિયો સિજદો, ત સાહેબ ગત જુમલેજીઉં મનગુરીયું મુરાદું હાંસલ કરે.

(૧૨) દિયો સિજદો, ત સાહેબ બંધીવાનેજા બંધ ખલાસ કરે.

(૧૩) દિયો સિજદો, ત સાહેબ સીગો સ્વારી કરે પ્રગટ થીએ.

(૧૪) દિયો સિજદો, ત સાહેબ મુશ્કીલ આસાન કરે, ખૈર પએદા કરે, રખી વઠે મહાદન જે આજાર કના.

(૧૫) દિયો સિજદો, અલ્લાહ મરેહેઆ અલી મહમદ ગત જુમલેજી વેનતી કબુલ કરે.

(સિજદામાંથી માથું ઉચું કરીને બોલવું)

દિયો ખટે પેટાંધજી સાર સંભાર ઉછીનું પાછીનું, દમડી દામ, સારે સરકારમેં દીજા. યાર અલ્લાહ મરેહેઆ મૌલા અલી મનગુરીયું મુરાદું હાંસલ કનેઆ, મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર દીદાર નસીબ કનેઆ.

તસ્બીહ કઢો, "શાહ ગરીબ મીરઝા" ફઝલ કર મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

(તસ્બીહ કાઢીને) અલી અલ્લાહ (કહી સિજદો દેવો. પછી કહેવું.)

તસ્બીહ કઢો, મુશકીલ આસાનજી, યા અલી

(તસ્બીહ કાઢીને) અલી અલ્લાહ (કહી સિજદો દેવો પછી કહેવું.)

તસ્બીહ કઢો, ફરમાનજી.

(૧૪ વખત) યા અલી (૧૪ વખત) સલવાત

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીન વ આલે મોહંમદ. અલી અલ્લાહ ફરમાનજી તસ્બીહ કબુલ કર મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

(સિજદો દેવો. પછી નીયત ખએરની દુઆ દેવી.)

દુઆ નીયત ખએર.

આકબતજો ખએર કરીએં, યા અલી તું ખએર કરીએં. ખએરજી વેનતી બીસે અમર પુડીઆ શાહ તોજે દરગાહમે કબુલ કર મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

(સિજદો દેવો સિજદામાં બોલવાનું કે.)

યા શાહ, ભલી બતાઇએં, બુરી તજાઇએં, હર દો હાથ તુમારે.

(સિજદામાંથી માથું ઉંચુ કરી નીચે મુજબ બોલવું.)

મદદે અલી, સફાઅતે રસુલ, એતાઅતે ખુદા, હઝરત કબુલ.

પીર સતગુર નુરની ફરીયાદ.

પીર શમ્શ ચોટની ફરીયાદ.

પીર સદરદીનની ફરીયાદ.

પીર હસન કબીરદીનની ફરીયાદ.

પીર અલી અસગર બેગની ફરીયાદ.
પીર મિરઝાં મહમદ બાકરની ફરીયાદ.
પીર સરકાર માતા સલામતની ફરીયાદ.
પીર આગા શાહ ખલિલ્લાહની ફરીયાદ.
પીર અબલ હસનશાહની ફરીયાદ.

માલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર પાસે ફરીયાદ. એણે કલમે કલમુ પાક. અશહદો અન લાઇલાહા ઇલલ્લાહ, અશહદોઅન મહમદ રસુલિલ્લાહ, અશહદોઅન અમીરલ મોઅમનીન અલી સહી અલ્લ હ.

હએ જીંદા, કાયમ પાયા, શાહ પીર પાયા.

(સિજદો દેવો સિજદામાં નીચે મુજબ બોલવું.)

અલ્લાહજો દીદાર, મહમદજી સફાયત, મહમદ સફાયત કરશે, મોમન બેહસ્ત લહંધા, ઉણા પુરા આશવંતા ઉતારે પાર કરીએ, યા આગા સુલતાન મહમદશાહ દાતાર.

અલ મરણુ મોત હક.

(ભુલ ચુક શાહ પીર બક્ષે.)

સમાપ્ત.

બંદગી અને તેનો હેતુ.

સર્વ શકિતમાન સૃષ્ટીના પાલણહાર, પાક પરવર દીગાર, અને ઇન્સાન વચ્ચે દરરોજ મેળાપ કરવાનું સાધન બંદગી છે. આપણા માનવંતા ધર્મગુરૂ, પીર સદરદીન સાહેબે, પાક શીઆ ઇમામી ઇસ્માઇલી દીનદારો માટે પવિત્ર બંદગી "દુઆ" રચી આપી છે, જેમાં કેટલાક અરબી તથા ફારસી શબ્દોનો સમાવેશ કરી ખુદાવંદ તઆલાની મહાન શકિતની તારીફ કરી છે.

આ જગત ખુદાવંદ તઆલાએ બનાવ્યું છે, આપણે સર્વે તેનો "મખલુક" એટલે બનાવેલા જીવો છીએ. તે સર્વ શકિતમાન ખુદાવંદ આપણો માલેક છે અને આપણે તેના બંદા છીએ. દુનીયાના સર્વ ધર્મોમાં ખુદાવંદ તઆલા તરફ મનુષ્યોનો બંદા તરીકેનો હક અદા કરવા સારૂ કોઇને કોઇ જાતની ક્રીયાઓ ઘડવામાં આવી છે, જેની મારફતે બંદો પોતાના માલેક ખુદાવંદ તઆલા તરફની પોતાની ફરજ અદા કરે છે. એવી ક્રીયાઓને પ્રાર્થના, બંદગી, નમાઝ, દુઆ, વિગેરે અનેક દેશ જાતિ પ્રમાણે નામો આપેલા હોય છે. સર્વ ધર્મોની બંદગી કરવાની ક્રીયાઓ જુદી જુદી હોય છે, છતાં તે સર્વેનો આંતર હેતુ એક સરખોજ હોય છે. શીઆ ઇમામી ઇસ્માઇલી મઝહબે ઘણીજ ઉંડી ફીલસુફી સાથે આપણને શીખવ્યું છે કે ખુદાવંદ તઆલાની જાત સર્વે બ્રહ્માંડમા ભરપુર છે, અને મુખ્ય બીંદુ તરીકે તેનું નુર આ દુનીયામા જળવાગર થઇ ઝહુરમાં રહેતું આવે છે, માટે તેના અવતારી પુરૂષ કિંવા "ઇમામ"ના નામ સાથે ગુજારવામાં આવતી બંદગી આપણને વધુ લાભદાયક થઇ મનુષ્ય અવતાર તરીકેનો આપણો ફેરો સફળ કરી અસલ મકસુદને પહોંચાડે છે. અસ્તુ.